બાળકો અને નવયુવાનો માટે

Bustan-e-Zehra Association
786-92-110

# હાદી
## માસિક

ઝુલકાઅદ, હીજરી સન ૧૪૩૦,
ઓક્ટોબર - ૨૦૦૯



રૂ. 30/-

# العزيز

# 'અલ અઝીઝો'

આનો અર્થ એવો થાય છે કે - એ ઝાત કે પ્રભુત્વ-શક્તિ અને તાકાત ફક્ત તેના કાયદા ને જ છે અને બીજી કોઈ એવી શક્તિ નથી જે તેના બનાવેલા કાયદાઓ ઉપર પ્રભુત્વ મેળવી શકે.

કુરઆનમાં આ નામનું વર્ણન છે.

**'ઈન્નકા અન્તલ અઝીઝુલ હકીમ'** (સૂરએ બકરાહ-૧૨૯)

**અનુવાદ :** 'અને તું સર્વશક્તિશાળી અને વિદ્વાન (હકીમ) છે.' માઅસૂમ અ.સ.ની દુઆઓમાં પણ આ નામનો પ્રયોગ થયો છે.

**'વ-કસમતા-લે અહલેહા-મિનલ અતાએ-ફી યવમિલ જઝા - ઈન્નકા અન્તલ અઝીઝુલ હકીમ'**

**અનુવાદ :** કયામતના દિવસે જ્યારે તું તારી આજ્ઞા પાલન કરનારાઓ પર તારી દયા-કૃપા વરસાવે ત્યારે મને પણ તેમાંથી ભાગ આપજે. કેમકે (આવું કરવા માટે) તું સર્વશક્તિશાળી અને હિકમતવાળો છે.'

## આ નામના કેટલાંક ગુણ (ખાસિયતો) નીચે મુજબ છે.

(૧) ઈમામ રિઝા અ.સ.એ ફરમાવ્યું છે કે 'જે વ્યક્તિ દરરોજ સવારની નમાઝ પછી ૪૧ વખત 'યા અઝીઝો' પઢશે તે ખુદાની કોઈ મખલૂકનો (એટલે કે જગતમાં કોઈનો) મોહતાજ નહીં રહે અને લોકોમાં માનને પાત્ર અને આદરણીય રહેશે.'

(૨) ચાલિસ દિવસ સુધી 'યા અઝીઝો' પઢનારને મહાન ધન-દોલત પ્રાપ્ત થશે.

(૩) જે વ્યક્તિ સવારની નમાઝ પછી ૯૪ વખત 'યા અઝીઝો' પઢતો રહેશે તે કીમીયાની વિદ્યા (કોઈ ધાતુને સોનામાં પરિવર્તિત કરી દેવાની વિદ્યા)નું રહસ્ય જાણી જશે.

(૪) જે વ્યક્તિ દરરોજ ૧૦૦ વખત 'યા અઝીઝો' પઢશે તેની પ્રતિષ્ઠામાં ઘણી જ વૃદ્ધિ થઈ જશે.

(૫) દરરોજ સવારની નમાઝ પછી ૪૧ વખત 'યા અઝીઝો' પઢવું તે શ્રીમંતાઈનું કારણ બની જશે.



E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم


ઝુલકાઅદ, હીજરી સન ૧૪૩૦,
ઓક્ટોબર - ૨૦૦૯

ઝેરે સરપરસ્તી હઝરતે હુજજત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

ધર્મ પ્રચારક–પ્રખર વિદ્વાન–કૌમના સંનિષ્ઠ સેવક :
આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા
મુદઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી : સૈયદ મોહમ્મદ રઝા ગરવી
કાર્યવાહક તંત્રી : સૈયદ મોહમ્મદ અખ્તર
સહાયકો : અહમદ રઝા ઝુરારહ
તાલીમરઝા અજમેરી
અનુવાદક : સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી
આઇ.એ.એસ. (નિવૃત્ત)
શુષોભન : એ.પી. ગ્રાફીક્સ


## બઈસ્મેહી તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

તમારું પ્રિય માસિક એટલે કે ‘હાદી’ એ એક વરસનો પ્રવાસ પૂરો કરી લીધો છે અને આજે તમારા હાથમાં આ બારમો અંક છે.

આ “હાદી માસિક”ની એક વરસની સફર પૂરી થઈ છે તેમાં પરવરદિગારે આલમની દયા અને કૃપા અને હઝરાતે માઅસૂમીન (અ.સ.)ની પણ કૃપા દ્રષ્ટિ સામેલ રહી છે નહીં તો અદ્રશ્ય સહાયતા વગર આ કાર્ય શક્ય જ નહોતું અને સાથે અસંખ્ય મોઅમેનીનના સહકારે આ કાર્યને આસાન કરી દીધું. ઘણાં મોઅમેનીન ભાઈઓએ અમને પ્રોત્સાહિત કર્યા, સભ્યો બનાવ્યાં, આર્થિક સહાયતા કરી– અમે એ તમામ લોકોના હ્રદયપૂર્વક આભારી છીએ.

આ ૧૨(બાર) અંકોમાં તમને વાર્તાઓ – ટુચકા – દીની જાણકારી અને ઘણીબધી સારીસારી વાતો, એવું ઘણું વાંચવા મળ્યું છે.

અમે તમારા પોતાના ‘હાદી’ માસિકના વર્ષગાંઠના પ્રસંગે તમને સૌને મુબારકબાદી આપીએ છીએ.

વહાલા બાળકો ! ફક્ત ‘હાદી’નું જ એક વરસ પૂરું નથી થયું – તમે પણ એક વરસ મોટા થઈ ગયાં છો અને તેથી તમારી જવાબદારીઓમાં પણ વધારો થઈ ગયો છે.

વહાલા બાળકો ! દિવસો – માસ – વરસ કેટલા ઝડપથી પસાર થઈ જાય છે કે આપણને તેનો ખ્યાલ પણ આવતો નથી અને સમય પસાર થઈ જાય છે. આપણે પોતાના સમયનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરવો જ જોઈએ કેમકે પસાર થઈ ગયેલો સમય કદી પાછો મળતો નથી.

વહાલા બાળકો ! આ માસમાં ઈમામતના સિલસિલાની આઠવી કડીની વિલાદત અને શહાદત બંને છે. આપણે વિલાદતની ખુશાલીમાં ખુશીની મહેફીલ અને શહાદતના શોકમાં અઝાદારીની મજલિસમાં જવાનું ભૂલવું જોઈએ નહીં.

ઋતુમાં પણ ફેરફારો થઈ રહ્યાં છે. ઋતુમાં ફેરફારો આરોગ્યની દ્રષ્ટિએ ઘણાં મહત્વના હોય છે તેથી ઋતુના આ ફેરફારોમાં આપણે દરેક પ્રકારે સુરક્ષાની વ્યવસ્થા કરવી જરૂરી છે.

તમે જે રીતે એક વરસ સુધી અમારી સહાયતા કરી છે તે રીતે જ પેઈન્ટીગ – પત્રો – પોતાના રિઝલ્ટ અને ફોટા મોકલીને અમારી સહાયતા કરવાનો સિલસિલો ચાલુ જ રાખજો.

અને મોઅમેનીનથી ગુઝારિશ છે કે તેઓ પણ આ દીની કાર્ય આગળ વધારવામાં પોતાની પૂરેપૂરી સહાયતા ચાલુ રાખે.

અજરોકુમઈલલ્લાહ.

વસ્સલામ


વિગતો માટે સંપર્ક : યુરોપ, અમેરીકા અને કેનેડા માટે : અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા

Bustan -E- Zehra Association
Mukhtar Abbas Vasaya
91, Longthrnton Road, LONDON, SW 16 5QF Tel. : 0044 - 2082866198
Mo.: 00447828958746 E-mail : movasaya@hotmail.com



વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/-



ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com

## કુરઆનનો પ્રકાશ

# 'સૂરએ અસ્ર'

બિસ્મિલ્લા - હિર્રહમા - નિર્રહીમ

વલ અસ્રે (૧) ઈન્નલ ઈન્સાના લફી ખુસ્રિન (૨) ઈલ્લલ્લઝીના આમનૂ-વ-અમેલુસ્સાલેહાતે વતવાસવ બિલહક્કે વતવાસવ બિસ્સબ્ર (૩)

આ સૂરામાં ત્રણ આયતો છે અને આ સૂરો મક્કામાં નાઝિલ થયો છે.

**અનુવાદ :** ખુદાવન્દે આલમ આ સૂરામાં ઝમાના (યુગ)ના સમ ખાઈને ફરમાવે છે કે 'કસમ છે યુગની ! નિઃશંકપણે મનુષ્ય નુકશાનમાં છે (પરંતુ) એ લોકો સિવાય કે જેઓ ઈમાન લાવ્યાં છે અને જે લોકોએ સદ્કાર્યો કર્યા હોય અને એક બીજાને સત્ય અને ધૈર્યની શીખામણ આપી હોય અને વસીયત કરી હોય.'

**કેટલાંક શબ્દોનો અર્થ :** અસ્ર (અસ્ર) નીચોવવું - યુગ - જમાનો, ખુસ્ર (ખુસ્ર) પુંજીનું હનન થવું. નુકશાન, આમનૂ - જે વ્યક્તિઓ ઈમાન લઈ આવ્યાં, અમેલૂ - કાર્યો કર્યા, અસ્સાલેહાત - સદ્કાર્યો - સારા કામો વતવાસવ - એકબીજાને શિખામણ આપવી અને વસીયત કરવી.

**અર્થ વિસ્તાર - વિવરણ :** ખુદાવન્દે આલમે આ સૂરામાં પહેલાં તો મનુષ્યના નુકશાનમાં હોવાની વાત જણાવી છે અને સ્પષ્ટ રીતે એ હકીકત જણાવી દીધી છે કે મનુષ્ય ઘણી જ સંપત્તિ એકત્ર કરી લે - ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી લે - પોતાના સગા અને મિત્રવર્ગના વર્તુળને ખૂબ વ્યાપ આપી દે - કેટલોય મહાન કેમ ન થઈ જાય તો પણ તે નુકશાનમાં જ રહેવાનો છે. હા - પરંતુ તે પોતાની આત્માને ઈમાનના પ્રકાશથી પ્રકાશિત રાખે - પોતાના શરીરના અવયવો વડે સદ્કાર્યો કરતો રહે - પોતાના (બીજાઓ સાથેના) સગપણ અને સંબંધોને ધૈર્ય અને સત્યની શિખામણ અને વસીયત વડે મજબૂત કરતો રહે તો જ તે નુકશાનથી બચી શકે છે. એટલે કે સફળ જીવનનું રહસ્ય સમજાવતાં ખુદાવન્દે આલમ ફરમાવે છે કે ઈમાન (મજબૂત - સાબૂત) રાખો - સદ્કાર્યો કરતાં રહો - અસત્ય (ના માર્ગ) નો ત્યાગ કરીને સત્ય (નો માર્ગ) અપનાવો અને સત્યનું રક્ષણ કરો પછી મુશ્કેલ પરિસ્થિતિઓમાં ધૈર્ય અને દ્રઢ મનોબળનું પ્રદર્શન કરો. અસહ્ય પરિસ્થિતિમાં મુકાઈ જાવ ત્યારે પણ ગુનાહ થાય તેવું કોઈ પણ કાર્ય ન કરો. જો એવું કરશો તો નુકશાનમાં રહેશો.

**આ સુરાની તિલવાતની ફઝીલત :** ઈમામ સાદિક ફરમાવે છે કે 'જે કોઈ વ્યક્તિ આ સૂરાને પોતાની 'નાફેલા' (મુસ્તહબ) નમાઝોમાં (પણ) પઢશે તેને ખુદાવન્દે આલમ કયામતના દિવસે પ્રકાશિત મુખારવિન્દ - હસતા મુખે - અને (પ્રસન્નતાથી) પ્રકાશિત આંખો સાથે ફરી જીવિત કરશે અને તેને જન્નતમાં પ્રવેશ આપશે.'
(તફસીરે નમૂના - પા.નં.૪૧૪)

E-mail : hadimasik@yahoo.com

# ઈમામ રિઝા અ.સ.ની કેટલીક કરામતો (ચમત્કારો)

ખુદાવન્દે આલમે આપણાં ઈમામોને મોઅજિઝા અને કરામતો (ચમત્કારો) કરવાની શક્તિ પણ આપી છે. જેના વડે આપણાં ઈમામોએ પોતાની ઈમામતના પ્રમાણ આપ્યાં હતાં અને ઈસ્લામ ધર્મનો પ્રચાર-પ્રસાર પણ કર્યો હતો.

અમે અહિયાં ઈમામ રિઝા અ.સ.ના કેટલાંક મોઅજિઝાઓ અને કરામતો (ચમત્કાર) આપની સમક્ષ પેશ કરીએ છીએ.

★ એક વખત હજના પ્રસંગે અબ્બાસી ખલીફા હારૂન ઈમામ રિઝા અ.સ.ને જોઈને ખાનએ કાઅબાના અન્ય દરવાજા તરફ જવા લાગ્યો. આ જોઈને આપે ફરમાવ્યું 'તે લાખ દૂર ભાગવાનો પ્રયત્ન કરે તો પણ (અમારી) કબરો તો એક જ જગ્યાએ (પાસે પાસે) જ બનશે અને છેવટે આવું જ બન્યું.'

★ ઈમામ અ.સ.ના એક સાથી (સહાબી) રિયાન બિન સલત એક જોડ કપડાં અને જેના ઉપર આપનું મુબારક નામ કોતરેલ હોય તેવા કેટલાંક સિક્કા માંગવા ગયાં. તે ત્યા પહોંચ્યા ત્યારે તે આ વસ્તુઓની માંગણી કરે તે પહેલાં જ ઈમામ અ.સ.એ તેમને બે કપડાં અને ત્રીસ (તે ઈચ્છતાં હતાં તેવા) સિક્કા એનાયત કરી દીધાં.

★ અબૂ ઈસ્માઈલે એવી ફરિયાદ કરી કે તેમને અરબી (અરેબીક) ભાષા નથી આવડતી - તો આપે પોતાનો મુબારક હાથ તેમના હોઠ ઉપર ફેરવી દીધો, તેના ચમત્કારથી અબૂ ઈસ્માઈલ અરબી ભાષાના જાણકાર બની ગયાં.

★ એક વખત ચકલીઓના એક ટોળાએ શોરબકોર કરી મુક્યો હતો. તે જોઈને ઈમામ અ.સ.એ પોતાના એક સાથી (સહાબી)ને આજ્ઞા કરી કે 'એક સાંપ આ ચકલીઓના બચ્ચાને કનડગત કરે છે, જાવ અને તે સાંપને મારી નાંખો.' તેમણે જઈને જોયું તો ત્યાં ખરેખર એક સાંપ હતો. તેમણે તે સાંપને મારી નાંખ્યો.

★ એક જમીનદારના પ્રદેશ તરફ જતી વખતે ઈમામ અ.સ.એ પોતાના સાથીઓને જણાવ્યું કે વરસાદથી રક્ષણ માટેની ચીજવસ્તુઓ પોતાની સાથે લઈ લેજો. લોકોએ અરજ ગુજારી, આજકાલ તો ગરમીની ઋતુ છે. વરસાદ ક્યાં છે ? આપે ફરમાવ્યું : મારા કહ્યા પ્રમાણે કરો, અને ખરેખર તેઓ ત્યાં પહોચ્યાં તો વરસાદ ચાલુ થઈ ગયો.

★ એક વખત અમીન અને મામૂનને જોઈને આપે ફરમાવ્યું : 'મામૂન ટુંક સમયમાં જ અમીનનો વધ કરી નાંખશે' અને ખરેખર બન્યું પણ એવું જ. ઈતિહાસના પુસ્તકોમાં ઈમામ અ.સ.ના આવા તો અનેક પ્રસંગો વર્ણવવામાં આવ્યાં છે જે વાંચવા આપણાં માટે જરૂરી છે.





# શયતાનનો ઈન્ટરવ્યુ હપ્તો પાંચમો

# શયતાનના દોરડાઓ

અબુલ બશર હઝરત આદમ અ.સ. ના કાર્યકાળથી હઝરત ઈસા ઈબ્ને મરયમ અ.સ.ના કાર્યકાળ સુધી શયતાન અંબિયાની પાસે આવતો રહેતો હતો અને તેમની સાથે વાતો પણ કરતો રહેતો હતો. તે તમામ અંબિયામાં હઝરત યાહ્યા અ.સ.થી ઘણો જ હળીમળી ગયો હતો અને તેમને મળતો રહેતો હતો. એક દિવસે જ્યારે શયતાન હઝરત યાહ્યા અ.સ.ને મળવા આવ્યો ત્યારે :-
આપે તેને પૂછ્યું 'હે અબૂ મુર્રહ (શયતાનનું વંશવાચક નામ) મારે તારું કાંઈ કામ છે.'
શયતાને કહ્યું કે 'આપ તો મારાથી મહાન અને ઉચ્ચ છો. આપને મારી શી જરૂર પડી ? આપ ફરમાવો, હું જરૂર કરીશ'
આપે ફરમાવ્યું 'તું તારા જે શસ્ત્રોથી આદમની ઔલાદ (માનવજાતિ) ને બહેકાવીને તેમનો શિકાર કરે છે તે મને બતાવ.'

શયતાન માની ગયો. અને બીજા દિવસે આવવાનો વાયદો કર્યો. બીજા દિવસે સવારે જ્યારે હઝરત યાહ્યા અ.સ. પોતાના ઘરમાં જ તશરીફ રાખતાં હતાં ત્યારે એક વ્યક્તિ એક ખાસ સ્થિતિમાં જાતજાતના શસ્ત્રો અને સરંજામ સાથે પ્રગટ થયો. તેનું મોઢું વાંદરા જેવું હતું. શરીર સુવ્વર જેવું હતું. આંખોની લંબાઈ મોઢાની લંબાઈ જેટલી જ હતી. તેનો દાઢીનો ભાગ ન હોતો. તેને ચાર હાથ હતાં. જે પૈકી બે તેની છાતી ઉપર આગળ હતાં અને બે તેના ખભા ઉપર લટકતાં હતાં. તેની એડી આગળ અને પંજા પાછળ હતાં. તેનું આખું શરીર ઢંકાઈ જાય તેવો લાંબો ઝભ્ભો તેણે પહેરેલો હતો અને તેના ઉપર એક કમર પટ્ટો બાંધેલો હતો. તે કમર પટ્ટા ઉપર રંગબેરંગી દોરીઓ (ધાગાઓ) લટકતાં હતાં. તેના હાથમાં એક મોટી ઘંટડી હતી અને લોખંડના ટોપા જેવી ટોપી માથે પહેરેલી હતી અને તેની ટોપીમાં ફુમતું લટકતું હતું.

જનાબ યાહ્યા અ.સ. એ જ્યારે શયતાનને આ વેશભૂષામાં જોયો તો આશ્ચર્યથી પૂછ્યું 'તે આ શું વસ્તુ પોતાની કેડમાં બાંધી રાખી છે ?'

શયતાને કહ્યું 'આ મૂર્તિ પૂજા - સૂર્ય પૂજા અને અગ્નિપૂજા છે. જે મેં ગોઠવી રાખી છે અને લોકોને તેના પ્રત્યે આકર્ષિત કરવા તેને સજાવવામાં આવી છે.'

આપે પૂછ્યું 'અને આ રંગબેરંગી દોરીઓ શું છે ?'

તેણે કહ્યું 'આ સ્ત્રીઓની ચાલબાજીઓ છે. જેના આકર્ષક રંગો લોકોના મનને બહેકાવે છે.'

આપે પૂછ્યું 'અને આ હાથમાં ઘંટડી શાની છે ?'

તેણે કહ્યું 'આ તમામ ભોગવિલાસનું મિશ્રણ છે. જેમાં સિતાર - તબલા - ઢોલત્રાંસા - અને વાંસળી વિગેરે તમામના સૂર છે. જ્યારે લોકોનો કોઈ વર્ગ શરાબ પીએ છે. ત્યારે તેમના નશાને બમણો કરી દેવા માટે હું આ ઘંટડી વગાડવાનું શરૂ કરી દઉં છું. જેથી કરીને તેઓ તેમાં ગળાડૂબ થઈ જાય છે.



E-mail : hadimasik@yahoo.com

અને તે વખતે નશાના અતિરેકને કારણે તેઓ ભાન ભૂલીને પોતાની જગ્યાએથી ઉભા થઈને નાચવા ગાવા લાગે છે.'

આપે પૂછ્યું 'કઈ વસ્તુ છે જે અન્ય તમામ વસ્તુઓ કરતાં તને સૌથી વધારે ભોગવિલાસ કરાવે છે ?'

તેણે કહ્યું 'સ્ત્રીઓ - કેમકે આ સ્ત્રીઓ મારી જાળ છે. જ્યારે નેક અને સદ્ચરિત્રવાળા લોકો મારા ઉપર લાનત વર્ષાવે છે ત્યારે હું સ્ત્રીઓની જ શરણમાં ચાલ્યો જાઉં છું અને તેમના વડે જ મારા કામ(નેક અને સદ્ચરિત્રવાળા લોકોને તેમના માર્ગેથી ચલિત કરવાનું કામ) કરાવું છું.'

આપે પૂછ્યું 'આ લોખંડના ટોપા જેવી ટોપી તે કેમ પહેરી રાખી છે ?'

તેણે કહ્યું 'આ ટોપી વડે હું નેક લોકોની લાનતથી પોતાની જાતનું રક્ષણ કરૂં છું.'

આપે પૂછ્યું 'તો તેના ઉપર આ કાંટા જેવું શું છે ?'

તેણે કહ્યું 'આના વડે હું નેક લોકોના મન (વિચારો) ને દુષણો તરફ ફેરવી નાખું છું અને તેમને સત્યના માર્ગેથી રોકી લઈને પોતાના પક્ષમાં કરી લઉં છું.'

આપે પૂછ્યું 'ક્યારેય તારો દાવ મારા ઉપર પણ ચાલી ગયો છે ? અથવા તું કદી મારા ઉપર પણ સવાર થઈ શક્યો છે ?'

તેણે કહ્યું 'ના - પણ આપની એક ટેવ મને ઘણી ગમે છે.'

આપે પૂછ્યું 'તે કઈ ટેવ છે ?'

તેણે કહ્યું 'જ્યારે આપ જમવા બેસો છો ત્યારે ભરપેટ ભોજન કરો છો. જરાક જેટલી પણ ભૂખ રાખીને હાથ ખેંચી લેતાં નથી. જેથી કરીને આપની આંખો ઘેરાવા લાગે છે અને ઈબાદત કરતી વખતે એક જાતની આળસ આવી જાય છે. આવી સ્થિતિમાં આપ પ્રાર્થના કરો છો ત્યારે તેમાં જોઈએ તેવી અલ્લાહ પ્રત્યેની આત્મ સમર્પણની ભાવના નથી રહેતી. મન તદ્દન ઈબાદતમાં ચોંટેલું રહેતું નથી. તેથી હું ખુબ જ પ્રસન્ન થઈ જાઉં છું.'

જ્યારે આપે શયતાનની આ વાત સાંભળી તો આપે ફરમાવ્યું, 'હું અત્યારે જ ખુદા સમક્ષ પ્રતિજ્ઞા લઉં છું કે હવેથી હું કદીયે ભરપેટ ભોજન ખાઈશ નહીં.'

શયતાને કહ્યું 'અને હું ખુદા સમક્ષ પ્રતિજ્ઞા લઉં છું કે હવેથી કદીયે તેની કોઈ કમજોરી પ્રત્યે ખુદાના કોઈ બંદાનું ધ્યાન દોરીશ નહીં અને તેને કોઈ શિખામણ પણ નહીં આપું.'

આમ કહીને શયતાન ચાલ્યો ગયો અને તે પછી કદી પણ હઝરત યાહ્યા અ.સ. પાસે આવ્યો નહીં.

(બિહારૂલ અનવાર - ભા.૬૦, પા.૨૨૪)



# ખુદાની પ્રસન્નતા

એક વખત જનાબ મૂસા અ.સ. ખુદાવન્દે આલમને દુઆ કરી રહ્યાં હતાં. દુઆ દરમ્યાન જ જનાબ મૂસા અ.સ. એ ખુદાને અરજ ગુજારી કે 'હે ખુદા ! આજે તો તું મને પોતાના સૌથી પ્રિય સેવક વિશે જણાવ. જે તારી સૌથી વધારે ઈબાદત કરતો હોય.'

ખુદાવન્દે આલમે જનાબ મૂસા અ.સ. પર વહી ફરમાવી કે ફલાણાં ગામે જાવ, ત્યાં ફલાણી નદી પાસે તમને તે મળી જશે.

જનાબ મૂસા અ.સ. ખુદાએ બતાવેલ નિશાનીઓ શોધતાં શોધતાં તે નદી પાસે પહોંચી ગયાં. ત્યાં શોધખોળ કરતાં તેમણે એક એવો વ્યક્તિ જોયો જે ખુબ બીમાર હતો અને તે સ્થિતિમાં જ તે અલ્લાહની તસ્બીહ અને ઈબાદત (ભક્તિ) કરી રહ્યો હતો.

જનાબ મૂસા અ.સ.એ ખુદાના ફરિશ્તા જિબ્રઈલ અ.સ.ને પુછ્યું 'એ વ્યક્તિ કે જેની જાણકારી મને ખુદાવન્દે આલમે આપી તે કોણ છે ?' જિબ્રઈલ અ.સ.એ ફરમાવ્યું 'તે આ વ્યક્તિ જ છે મૂસા અ.સ.!'

મૂસા અ.સ.એ ફરમાવ્યું : 'હું તો વિચારતો હતો કે તે વ્યક્તિ તો હંમેશાં નમાઝ-રોઝામાં જ રહેતો હશે.' જિબ્રઈલ અ.સ. એ કહ્યું કે આ વ્યક્તિ તો ખુદાની બારગાહમાં એવી વ્યક્તિ કરતાં પણ વધારે પ્રિય છે જે હંમેશા નમાઝ-રોઝામાં જ મશ્ગૂલ રહેતો હોય. જુઓ-હમણાં હું આજ્ઞા આપું છું કે તે આંધળો થઈ જાય-પછી જુઓ તે શું કરે છે ?' તે પછી જિબ્રઈલ અ.સ.એ ઈશારો કર્યો અને તેને આંધળો કરી દીધો. તેના બંને ડોળા આંખોની જગ્યામાંથી નીકળીને તેના ગાલ ઉપર લબડી પડ્યાં. તે જોઈને જનાબ મૂસા ન કેવળ બેચેન થઈ ગયાં પરંતુ તેઓ સખ્ત દુ:ખી પણ થઈ ગયાં. પરંતુ તેમણે જોયું કે આંખો બહાર નીકળી આવી હોવા છતાં તે વ્યક્તિ કહી રહ્યો છે કે હે મને અસંખ્ય સારી વસ્તુઓ આપનાર ! જ્યારે તેં ઈચ્છ્યું ત્યારે તેં મને બે આંખોની નેઅમત આપી હતી અને જ્યારે તે ઈચ્છ્યું ત્યારે તે નેઅમત મારી પાસેથી લઈ લીધી ! (હું તો દરેક





E-mail : hadimasik@yahoo.com

પરિસ્થિતિમાં તારાથી રાજી છું.)

મૂસા અ.સ.એ તે વ્યક્તિને ફરમાવ્યું : 'મારી દુઆ કબૂલ થઈ જાય છે. તું કહે તો હું તારા માટે દુઆ કરું કે તારી દૃષ્ટિ તને પાછી મળી જાય અને તારી તમામ બીમારીઓ પણ દૂર થઈ જાય.'

પેલા વ્યક્તિએ જવાબ આપ્યો 'તમે મને જે પ્રસ્તાવ મુક્યો છે તે પૈકી કોઈ બાબતની મને તમન્ના નથી પરંતુ જે વસ્તુ-પરિસ્થિતિ ખુદાવન્દે આલમે મારા માટે નક્કી કરી છે તે જ મારા માટે મારી ઈચ્છા કરતાં સારી છે. હું તે વસ્તુ-પરિસ્થિતિ ચાહું છું.'

જનાબ મૂસા એ કહ્યું 'હે ખુદાના બંદા ! તું ખુદાની બારગાહમાં હમણાં અરજ કરી રહ્યો હતો કે 'હે અસંખ્ય સારી વસ્તુઓ આપનાર ! હે અતા કરનાર !! તો બતાવ કે ખુદાએ તને કઈ સારી વસ્તુ કે કઈ બક્ષિસ આપી છે.''

તેણે જવાબ આપ્યો 'આ બક્ષિસ જ મારા માટે ઘણી મોટી બક્ષિસ છે કે આ શહેરમાં મારા સિવાય બીજો કોઈ ખુદાની ઈબાદત નથી કરતો.'

છેવટે જનાબ મૂસા અ.સ. ત્યાંથી આશ્ચર્ય વ્યક્ત કરતાં ચાલી નીકળ્યાં. મને કહેવા લાગ્યાં 'ખરેખર આ બંદો જ જગતમાં સૌથી વધારે ઈબાદત કરવાવાળો છે.'

વહાલા વાચક મિત્રો ! આ પ્રસંગમાંથી આપણે ઘણા બોધપાઠ લઈ શકીએ તેમ છીએ અને તેમાંથી આ પણ છે કે હંમેશાં ખુદાવન્દે આલમ ઉપર જ ભરોસો રાખવો જોઈએ અને તે આપણને જે સ્થિતિમાં રાખે તે સ્થિતિમાં રાજીખુશીથી રહેવું જોઈએ. તેમાં જ બંને લોકની સફળતા છે.





# ફુરૂએ દીન

## હજના ઈમાન સંબંધિત ઈશારાઓ

**આદરણીય વાચક મિત્રો !**

ઝિલકઅદ અને ઝિલહજ - આ મહીનાઓમાં આપણાં માટે એક મહાન ઈબાદત હજનું મોટું મહત્વ છે અને ખાસ કરી ઝિલકઅદ માસમાં હજ ઉપર જવાવાળા મુસલમાનો હજ માટેની તૈયારીઓ ઘણી મહેનતથી કરે છે. એ લોકો ઘણાં ભાગ્યશાળી છે, જેઓને હજ કરવા જવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.

આવો આપણે સાથે મળીને "ફુરૂએ દીન"ની આ મહાન ઈબાદત સંબંધિત કેટલાંક મહત્વના મુદ્દાઓ પર દૃષ્ટિ નાખીએ.

★ હજ એટલા માટે વાજિબ (ફરજિયાત) કરવામાં આવી છે કે :- "લોકો મક્કા આવીને પોતાના ફાયદા જુએ અને અમુક નિશ્ચિત દિવસો અલ્લાહનું સ્મરણ કરે." (સૂરા - અલહજ - આ.૨૮)

★ હજના તમામ આઅમાલ (વિધીઓ) અને અહકામ(આજ્ઞાઓ) એક યાદગાર માટે છે. હજમાં "લબ્બૈક - લબ્બૈક" એટલા માટે કહેવામાં આવે છે કે આ જનાબ ઈબ્રાહીમ અ.સ.ની પોકારની યાદગાર છે. ત્યાં "મકામે ઈબ્રાહીમ" છે જ્યાં (જઈને) જનાબ ઈબ્રાહીમ અ.સ.એ (ખાનએ કાઅબાના બાંધકામમાં) જે કષ્ટ વેઠ્યું હતું તેની યાદ આવી જાય છે. હજની વિધીઓમાં 'સફા' અને 'મરવા' નામના બે પહાડોના ફેરા કરવા પડે છે જે જનાબ ઈસ્માઈલ અ.સ.ની માતા જનાબ હાજરાએ ત્યાં જે જહેમત ઉઠાવી હતી તેની યાદ તાજી કરાવી દે છે. ત્યાં 'ઝમઝમ' નું ઝરણું જનાબ ઈસ્માઈલ અ.સ.ની તૃષાની યાદ રૂપે છે. આ ત્રણે મહાન વ્યક્તિઓમાં એક વડીલ (વયો વૃધ્ધ)છે. એક બાળક છે અને એક સન્નારી છે. જે એ હકીકત સાબિત કરે છે કે ઈસ્લામ ધર્મમાં ન તો વડીલોની યાદગીરી બિદઅત (ધર્મઆજ્ઞાથી વિરૂધ્ધનું કાર્ય) છે. ન તો બાળકો કે ન તો સ્ત્રીઓની યાદગાર બિદઅત છે. પરંતુ જો એ વ્યક્તિઓ એને


E-mail : hadimasik@yahoo.com

લાયક હોય તો તેમની યાદગીરી મનાવવી (ઉજવવી) વાજિબ (ફરજિયાત) છે.



- ★ હજ્જે બયતુલ્લાહ એક આંતરરાષ્ટ્રિય (ઈસ્લામી) સમ્મેલન અને એકતાના પ્રદર્શનનું પ્રતિક પણ છે કે જ્યાં પોતાના પરવરદિગારની ઈબાદત સાથે મુસલમાનોને પોતાની રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સમસ્યાઓ ઉપર ચર્ચા વિચારણાં તથા વિચારોની આપ-લે કરવાની તક મળી જાય છે.
- ★ હજ એક માનવીય કર્તવ્ય છે. તેથી જ તો કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે "જો સાધન સંપન્નતા હોય તો લોકો ઉપર એટલે કે મનુષ્યો ઉપર હજ વાજિબ છે." (સૂરએ હજ)
- ★ હજની વિધીઓ દરમ્યાન બધાંનો પહેરવેશ એક સરખો હોય છે. જે ખુદાની ઈબાદત વખતે બધાં એક સરખાં છે તે જાહેર કરે છે.
- ★ હજની વિધીઓમાં "હજરે અસ્વદ" (એ નામનો એક પત્થર)ને (આદરપૂર્વક) ચુમવું મુસતહબ છે. જેનાથી એ હકીકત ફલિત થાય છે કે જેટલી વસ્તુઓ આદરને પાત્ર હોય તે તમામને આદર આપવો જોઈએ, પછી તે પત્થર હોય કે મનુષ્ય.
- ★ હજમાં કુરબાની (પ્રાણીની બલિ આપવી તે) એ બોધ આપે છે કે મનુષ્યએ હંમેશાં જરૂરત પડે ત્યારે અલ્લાહના માર્ગ ઉપર પોતાના માથાના વાળ કે પ્રાણીની જ નહીં પરંતુ ખુદ પોતાના પ્રાણ અને ધનદૌલત પણ કુરબાન કરવા માટે તૈયાર રહેવું જોઈએ અને આપણે હજ કરવા જતાં હાજીઓને ઘણાં આદરપૂર્વક વિદાય આપવી જોઈએ. અને હા - ત્યાં પોતાના માટે દુઆ કરવાની વિનંતી તો અવશ્ય કરવી જોઈએ.



# સૌથી વધુ શક્તિશાળી કોણ છે

કેટલાંક મુસ્લિમ યુવાનો પોતાની તાકાત અજમાવવા વેઈટ લિફ્ટીંગ કરવાની બાબતે પ્રવૃત્ત હતાં. તે જગ્યાએ એક મોટી શિલા પડેલી હતી. તે તમામ યુવાનો તે શીલા ઉપાડવા અંગે પોતાની શક્તિ અને પૌરૂષત્વનું પ્રદર્શન કરી રહ્યાં હતાં, કે ત્યાં રસૂલ મકબૂલ સ.અ.વ. તશરીફ લઈ આવ્યાં. આપ સ.અ.વ.એ તે યુવાનોને સંબોધીને પુછ્યું : 'તમે શું કરી રહ્યાં છો ?' તે યુવાનોએ જવાબ આપ્યો 'અમે અમારી શક્તિનું પરિક્ષણ કરી રહ્યાં છીએ કે અમારામાં સૌથી વધારે શક્તિશાળી કોણ છે ?'

આપ સ.અ.વ. એ કહ્યું 'શું હું જણાવું કે સૌથી વધારે શક્તિશાળી કોણ છે ?'

તે યુવાનોએ તત્પરતા દેખાડી 'હા, અમે તો ખુબ જ રાજી છીએ કે આપના જેવા ન્યાયાધીશ અમારી વચ્ચે ન્યાય તોલે.'

હવે બધાં જ એ વાતની બેચેનીપૂર્વક પ્રતિક્ષા કરવા લાગ્યાં કે રસૂલ મકબૂલ સ.અ.વ. કોને સૌથી વધુ શક્તિશાળી યુવાન જાહેર કરશે. કેટલાંક તો એવા વિચારમાં જ મગ્ન હતાં કે રસૂલે મકબૂલ સ.અ.વ. તેમનો જ હાથ પકડીને લોકોને સંબોધીને કહેશે કે મારી દૃષ્ટિમાં તમારા લોકોમાં આ યુવાન જ સૌથી વધારે શક્તિશાળી છે.

પરંતુ રસૂલે અકરમ સ.અ.વ. અમુક સમય સુધી તદ્દન શાંત રહ્યાં. પછી ફરમાવ્યું કે 'સૌથી વધારે શક્તિશાળી એ વ્યક્તિ છે કે'

★ જેને કોઈ વસ્તુ ખુબ જ ગમી ગઈ હોય, તે વસ્તુના પ્રેમમાં તે પડી ગયો હોય તો પણ તે વસ્તુ તેને માનવતાના માર્ગેથી વિચલિત ન કરી શકે - અને તે વસ્તુ તેને



E-mail : hadimasik@yahoo.com

પાપમાં ન નાંખી શકે એટલે કે પોતાને ગમતી વસ્તુનો પ્રેમ પણ તેને માનવતાથી બહાર ન કરી શકે.

★ જે કોઈ બાબતથી ક્રોધિત થઈ ગયો હોય અને ગુસ્સાથી લાલપીળો થઈ ગયો હોય તે સંજોગોમાં પણ તે પોતાની જાત ઉપર નિયંત્રણ રાખી શકે, અત્યંત ક્રોધની પરિસ્થિતિમાં પણ સત્યનો સાથ ન છોડે - જુઠાણાં અને ગાળાગાળી ઉપર ન ઉતરી આવે.

★ અને એવો વ્યક્તિ કે જે સંપૂર્ણ પ્રભુત્વ ધરાવતો હોય તે સંજોગોમાં પણ (સત્યના માર્ગમાં) મોટામાં મોટી અડચણ અને ભયંકર ધાકધમકીથી લેશમાત્ર પણ પ્રભાવિત ન થાય અને કોઈપણ સંજોગોમાં સત્ય અને ન્યાયની મર્યાદાને ઓળંગે નહીં.

### આ પ્રસંગ ઉપરથી આપણે બોધપાઠ લેવો જોઈએ કે :-

(૧) સૌથી મહાન શક્તિ સત્યની જ શક્તિ છે.

(૨) સૌથી વધુ શક્તિશાળી એ જ છે જે સદ્કાર્યો કરે.

(૩) પાપ આચરનાર તો સૌથી વધારે નબળો હોય છે.





# માઅસૂમએ કુમ!

વહાલા વાચક મિત્રો !

આપણા છઠ્ઠા ઈમામનું ફરમાન છે કે ‘અલ્લાહ ત-વ-ત ને કારણે (અલ્લાહ સાથે સંબંધ હોવાને કારણે) મક્કા ‘હરમ’ (શાંતિ અને રક્ષણ મેળવવાનું સ્થળ) છે. રસૂલ સ.અ.વ. સાથે સંબંધિત હોવાને કારણે મદીના શાંતિ અને રક્ષણનું સ્થળ (હરમ) છે. અમીરૂલ મોઅમેનીન અ.સ. સાથે સંબંધિત હોવાને કારણે કૂફા શાંતિ અને રક્ષણ મેળવવાનું સ્થળ (હરમ) છે. અને અમો બાકીના (તમામ) અહલેબૈત સાથે સંબંધિત હોવાને કારણે કુમ શહેર શાંતિ અને રક્ષણ મેળવવાનું સ્થળ (હરમ) છે આ શહેર કુમમાં જ અમારી સંતાનોમાંથી એક સન્નારી દફન થશે. જેમનું નામ ફાતેમા બિન્તે મૂસીયે કાઝિમ અ.સ. હશે.’ (સફીનતુલ બિહાર-ભા.૨, પા.૨૨૬)

વહાલા વાચકો અને આદરણીય ભાઈઓ ! આ કુમ શહેરની ખ્યાતી આજકાલ આપણી વચ્ચે ઘણી વધારે છે. આ એ જ શહેર છે જેમાં આપણાં મહાન - અલ્લામાઓ (અતિમહાન ધાર્મિક વિદ્વાનો) રહે છે. અને હજારો વિધાર્થીઓ ત્યાં જઈને અભ્યાસ કરે છે. આ શહેરની બીજી પણ અનેક વિશિષ્ઠતાઓ (ફઝાઈલ) છે.

તદ્ઉપરાંત આ એ જ સ્થળ છે જ્યાં આપણાં સાતમા ઈમામ અ.સ.ની સુપુત્રી અને આપણાં આઠમા ઈમામ અ.સ.ની બહેન જનાબ ફાતેમા નામની શહઝાદીનો અતિભવ્ય પવિત્ર રોજો છે. આપ ‘માઅસૂમએ કુમ’ ના નામે પ્રખ્યાત છે. આપનો મુબારક જન્મ આ મહીનાની જ પહેલી તારીખે સન ૧૭૩ હિજરીમાં થયો હતો. જનાબ ઝયનબ સલા. અને ઈમામ હુસૈન અ.સ. એ ભાઈ બહેન વચ્ચેનો પ્રેમ જેવી રીતે પ્રખ્યાત છે. તેવી જ રીતે ઈમામ રિઝા અ.સ. અને આપ ભાઈ-બહેનનો એક-બીજા પ્રત્યેનો પ્રેમ પણ પ્રખ્યાત છે. આપ પોતાના ભાઈ ઈમામ રિઝા



E-mail : hadimasik@yahoo.com




અ.સ.ને ખુબ પ્રેમ કરતાં હતાં અને હંમેશાં તેમની સાથે જ રહેતાં હતાં. તેથી જ જ્યારે સને ૨૦૦ હિજરીમાં અબ્બાસી ખલીફા મામૂન રશીદે ઈમામ રિઝા અ.સ.ને જબરદસ્તીથી પોતાના ઉત્તરાધિકારી બનાવીને મર્વ નામના સ્થળે બોલાવી લીધાં તો એક વરસ પછી આપ (માઅસૂમએ કુમ) પણ બેચેન થઈ ગયાં અને પોતાના ભાઈ પાસે જવા નીકળી પડ્યાં. સાવા નામના સ્થળે પહોંચ્યા ત્યારે ત્યાં આપ બીમાર પડી ગયાં. ત્યાંથી આપ પોતાના અનૂયાયીઓ સાથે કુમ નામના સ્થળે તશરીફ લઈ આવ્યાં. અને 'મૂસા-બિન-ખઝરજ-બિન-સઅદ' કુમ્મી (જેઓ આપને કુમ લઈ આવ્યાં હતાં.) તેમના જ ઘરે રોકાયા. ભાઈના વિયોગનું દુઃખ વધી ગયું. અને બીમારી પણ વધતી જ ગઈ એટલે સુધી કે ત્યાંના ૧૭ દિવસના રોકાણ પછી આપ કુમમાં જ અવસાન પામ્યાં. જે સ્થળે અત્યારે આપનો પવિત્ર રોજો આવેલો છે તે જ સ્થળે આપને દફનાવવામાં આવ્યાં હતાં.

આપની ઝિયારતનો ઘણો સવાબ વર્ણવવામાં આવ્યો છે. દા.ત. આપણાં છઠ્ઠા ઈમામ અ.સ.એ ફરમાવ્યું છે કે 'જે કોઈ પણ માઅસૂમએ કુમની ઝિયારત કરશે તે અવશ્ય સ્વર્ગ (જન્નત)માં જશે.'

અને આપે એ પણ ફરમાવ્યું છે કે 'માઅસૂમએ કુમની શિફાઅત (બખ્શિસ માટેની દુઆ) ને કારણે ઘણી મોટી સંખ્યામાં શીઆઓ સ્વર્ગ (જન્નત)માં જશે.'

(સફીનતુલ બિહાર - ભા.૨, પા.૩૮૬)

# ઈમામ રિઝા અ.સ.ના વિદ્વતાપૂર્ણ બોધ-વચનો



★ દરેક વ્યક્તિનો ખરો મિત્ર તેની બુધ્ધિ છે અને તેનો ખરો શત્રુ તેની અજ્ઞાનતા છે.

★ પરવરદિગાર ત્રણ વાતોને જરા પણ પસંદ નથી કરતો.
(૧) બિનજરૂરી વાદ-વિવાદ (૨) ધન-દોલતને (ખોટી રીતે) નષ્ટ કરવું (૩) વધુ પડતાં (બિનજરૂરી) પ્રશ્નો કરતાં રહેવું.

★ અમો અહલેબૈત અ.સ. આપેલા વચનને એક કર્જ ગણીએ છીએ અને તેને પૂરો કરવો તે અમે પોતાના માટે ફરજીયાત ગણીએ છીએ. (આપણી આલોક અને પરલોક બંનેની ભલાઈ આ વાત ઉપર અમલ કરવામાં જ છે. તેથી આપણે પણ તે પ્રમાણે જ વર્તવું જોઈએ.)

★ કોઈએ પ્રશ્ન કર્યો 'હે રસૂલના સંતાન ! (ફરઝન્દે રસૂલ) (તમામ અઈમ્માને ફરઝન્દે રસૂલ કહેવામાં આવે છે.) આપે કઈ પરિસ્થિતિમાં સવાર કરી ? (રાતથી લઈને સવાર સુધી આપ કઈ પરિસ્થિતિમાં રહ્યાં હતાં.) આપે ફરમાવ્યું 'હું ચાર મુસીબતોથી ઘેરાયેલો રહ્યો હતો (૧) પ્રથમ તો એ કે આયુષ્ય ટુંકું થતું જતું હતું. (૨) બીજું એ કે મારા કાર્યો રક્ષિત થતાં જતાં હતાં. (એટલે આપણે જે કાંઈ સારૂં ખોટું કરીએ છીએ તે તમામ તે માટેના ફરિશ્તાઓ લખતાં રહે છે.) (૩) ત્રીજું એ કે મૃત્યુ મારો પીછો પકડી રહ્યું છે અને (૪) ચોથું એ કે (જો કાર્યો ગુનાહિત છે તો) નર્ક (જહન્નમ) મારી તાકમાં છે.''

★ જમતી વખતે જો કોઈ આપના આદર-સત્કારમાં ઊભો થતો તો આપ તેને અટકાવી દેતાં હતાં કે ખુદાએ આપેલ ભોજનનો આદર કરવો આવશ્યક છે. તેથી જમતી વખતે (કોઈને આદર આપવા માટે) ઉભા થવું જોઈએ નહીં.

(વહાલા મિત્રો ! આ હદીસ ઉપર આપણે ખાસ ધ્યાન આપવું જોઈએ. આજકાલ તો શાદી પ્રસંગો સિવાય પણ આપણે ત્યાં ઉભા ઉભા ભોજન કરવાનો રોગ ફેલાઈ ગયો છે. આપણે વિચારવું જોઈએ કે ક્યાંક આપણે પણ આ રોગમાં સપડાએલાં તો નથી ને !!)

★ પોતાના અનુયાયીઓ (શીઆઓ)ને સાવધાન કરતાં આપે ફરમાવ્યું છે કે તમારા દિવસભરના તમામ કાર્યો દરરોજ સાંજે અમારી સમક્ષ અવલોકનાર્થે પેશ થાય છે અને તે તમારા માટે તોબા કરે છે.

તેથી મારા વહાલા મિત્રો ! આપણે પણ ઈમામ અ.સ.ની લાગણીઓને દુભવવી જોઈએ નહીં. પરંતુ ભૂલો અને બુરાઈઓથી બચતાં રહીને આપણે આપણાં ઈમામ અ.સ.ને પ્રસન્ન કરવા જોઈએ. - કારણ કે આપણાં સદ્કાર્યો જોઈને આપણાં ઈમામ અ.સ. પ્રસન્ન થાય છે અને આપણને આશિર્વાદ પણ આપે છે.





# મધના ફાયદા

ખુદાવન્દે આલમે મધના રૂપમાં આપણને એક એવી નેઅમત આપી છે જે દવા પણ અને ઉચ્ચ પ્રકારનું ભોજન પણ છે. મધ એક એવું સ્વાદિષ્ટ અને મજેદાર ભોજન છે. જેને દરેક દેશના અને દરેક વર્ગના લોકો વાપરે છે.

માઅસૂમીન અ.સ.એ તેના ઘણાં ફાયદા જણાવ્યાં છે. દા.ત.

★ મધ વિશે કુરઆનમાં છે કે "ફીહે શિફાઉન લિન્નાસ" એટલે કે તેમાં (મધમાં) લોકો માટે રોગોને દૂર કરવાની શક્તિ (શિફા) છે. (સૂરએ નહલ આ.૬૯)

★ મધનો વપરાશ અવશ્ય કરો. (મધ જરૂર વાપરો) મારા પ્રાણ જેના હાથમાં છે તે ઝાતના સમ ખાઈને હું કહું છું કે જે ઘરમાં મધ હોય છે તે ઘરના લોકો માટે ફરિશ્તાઓ ખુદા પાસે ક્ષમા અને બક્ષિસ યાચે છે. (નબીયે અકરમ સ.અ.વ.)

★ મધ સર્વશ્રેષ્ઠ પીણું છે. જે હૃદયને સાફ કરે છે. અને શરદીની અસરો અને છાતીમાંના (હાનીકારક) પ્રવાહીનો નાશ કરે છે. (નબીયે અકરમ સ.અ.વ.)

★ જે વ્યક્તિ દર માસે ત્રણ દિવસ સુધી સવારે મધ લેશે તેને કોઈ મોટી વ્યાધિ નહીં આવે. (નબીયે અકરમ સ.અ.વ.)

★ મધમાં રોગ દૂર કરવાની શક્તિ (શિફા) છે. તે વાયુના પ્રકોપ અને તાવમાં અકસીર છે. (નબીયે અકરમ સ.અ.વ.)

★ જે કોઈ પોતાની યાદશક્તિ વધારવા ઈચ્છતો હોય તો તેણે મધનું સેવન કરવું જોઈએ. (નબીયે અકરમ સ.અ.વ.)

★ ત્રણ વસ્તુઓથી શરીરને આરામ મળે છે. (મન પ્રફુલ્લિત થાય છે.) સુગંધ, નરમ વસ્ત્રો અને મધનું સેવન.

★ એક વ્યક્તિએ છઠ્ઠા ઈમામની સેવામાં પેટમાં ગરબડની ફરિયાદ કરી, તો આપે તેને બાવચી (તકમરિયાં) ને મધમાં ભેળવીને ખાઈ જવા કહ્યું. (ઈમામ સાદિક અ.સ.)

★ (૧) મધમાં મધમાખી બોળવામાં આવે અને તે ઉડી જાય (૨) રૂ ને મધમાં બોળીને પછી બાળવામાં આવે અને તે તડતડ અવાજ વગર બળે તો (૩) કાગળ તથા કાપડ પર મોતીની જેમ ફેલાઈ જાય તો (૪) પાણીમાં મધના ટીપા નાંખવાથી તે ઓગળી ન જાય તો અને મીઠાના ગાંગડાને મધમાં રગડવાથી મધમાં ખારાશ ન આવી જાય તો સમજવું કે તે મધ અસલી (શુધ્ધ) છે. નહી તો નકલી છે. (તિબ્બે રિઝા માંથી)





E-mail : hadimasik@yahoo.com

# આર્ટ ગેલેરી

## ان الله لا يحب كل مختال فخور

**અલ્લાહ કોઈ સ્વચ્છંદી અને અહંકારી વ્યક્તિને પસંદ નથી કરતો.**



વહાલા બાળકો,
અહીં આપેલ ચિત્રમાં સુંદર મજાના મનગમતા રંગ પૂરો અથવા તો બાજુમાં જણાવેલ નમૂના મુજબના રંગ પૂરી શકો છો. જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.



E-mail : hadimasik@yahoo.com



# ઈમામતના સૂર્યનો અસ્ત

# (ઈમામ રિઝા અ.સ.ની શહાદત)

સને ૨૦૩ હિજરીની ૨૩ ઝિલકઅદની તારીખ અહલેબૈતના ચાહવાવાળાઓ અને અનુયાયીઓ માટે એક ઘણી જ દુઃખદાયી તારીખ છે કેમકે આ દિવસે આપણાં આઠમાં ઈમામ હઝરત અલી બિન મુસા અર્રિઝા અ.સ.ને મામૂને (તે વખતનો ખલીફા) ઝેર અપાવીને શહીદ કરાવી દીધાં હતાં. આ મલઊન (લાનતને પાત્ર) માટે આપે ઘણી વખત ફરમાવ્યું હતું કે "મને આ વ્યક્તિ જ કત્લ કરશે" એ વાત જગજાહેર છે કે આ મામૂન પોતાના બાપ હારૂનના મૃત્યુ પછી અબ્બાસી ખલીફા અને પોતાના જ ભાઈ અમીન સાથે યુધ્ધ કરીને તેનો વધ કરાવી નાંખીને સમ્રાટ બની બેઠો હતો. જ્યારે તેણે શાસન સંભાળી લીધું ત્યારે રાજ્યના ઘણાં લોકોએ તેની વિરૂધ્ધ પોતાનો વિરોધ વ્યક્ત કરવો શરૂ કરી દીધો. આ લોકોમાં ઈમામ અ.સ.ના ચાહવાવાળાઓ પણ સામેલ હતા. જેમને 'અલવી' કહેવામાં આવતાં હતાં. આ લોકો (પોતાના ઈરાદાઓ - કાર્યોમાં) ઘણાં સખ્ત અને મક્કમ લોકો હતાં. મામૂનને તેમના બંડમાં પોતાના શાસન સામે ખતરો સ્પષ્ટ દેખાઈ આવ્યો હતો. તેથી તેણે ઈમામ રિઝા અ.સ.ને (કે જેઓ આ અલવી લોકોમાં અત્યંત લોકપ્રિય હતાં) પોતાના પાટનગર બોલાવીને તેમને બળજબરી પૂર્વક અને તેમને કત્લ કરવા વિગેરેની ધમકીઓ આપીને ઈમામ રિઝા અ.સ.ને પોતાના ઉત્તરાધિકારી (વલી અહદ) બનાવવાની ઘોષણાં કરી દીધી. ઈમામ અ.સ. જાણતાં હતાં આ વાયદો પૂર્ણ થવાનો નથી. (આતો ફક્ત ખોટી જાહેરાત છે.) તેમ છતાં પણ આપે મુસલમાનોના (મામૂનના અત્યાચારોથી) રક્ષણ અને ઈસ્લામના પ્રચાર-પ્રસારને દૃષ્ટિ સમક્ષ રાખીને આ વાતનો એ શરતે સ્વીકાર કર્યો કે "હું શાસનની તમામ બાબતોથી અલિપ્ત રહીશ અને મારી તેમાં (શાસન જે કાર્યો-દુષ્કાર્યો કરે તેમાં) કોઈ જવાબદારી રહેશે નહીં." આમ મામૂન વિરૂધ્ધનો "અલવીઓ" ના બંડનો ભડકી ઉઠેલો દાનાવળ તો શાંત થઈ ગયો. પરંતુ લોકોના હૃદયમાં ઈમામ રિઝા અ.સ. પ્રત્યેનો પ્રેમ અને ચાહત ઘણી જ વધી ગઈ. આમ તો આપ અ.સ. શાસનની નજર સમક્ષ જ રહેતાં હતાં. પરંતુ આપ અ.સ. હંમેશાં ગરીબો અને જરૂરિયાતવાળા લોકોને સહાયતા કરતાં રહેતાં હતાં. અને મુસલમાનોના જ્ઞાન-વિદ્યા સંબંધિત સમસ્યાઓને પણ હલ કરી આપતાં હતાં. આથી થોડાક વરસો પછી ઈમામ અ.સ.નો લોકો ઉપરનો આ પ્રભાવ જોઈને મામૂન ફરી ચિંતામાં પડી ગયો અને એક દિવસે તેમને પોતાની પાસે બોલાવી લીધાં. આપના એક ઘણાં સંનિષ્ઠ સાથી (સહાબી) 'અબા અલ સલત' હતાં. દરબારમાં જતી વખતે આપ અ.સ.એ તેમને ફરમાવ્યું "જુઓ 'અબા-અલ-સલત' જો મારા માથે ચાદર હોય તો મને કોઈ પ્રશ્ન કરતાં નહીં પરંતુ સમજી લેજો કે મારા જીવનનો અંત હવે





E-mail : hadimasik@yahoo.com

નજીકમાં છે.'' આમ કહીને આપ દરબારમાં તશરીફ લઈ ગયાં. મામૂને એ દ્રાક્ષ કે જેમાં સોય વાટે ઝેર નાંખવામાં આવ્યું હતું તે આપની સમક્ષ ધર્યાં. આપે પહેલાં તો પોતાના રક્ષણ કાજે તે દ્રાક્ષ ખાવાનો ઈન્કાર કર્યો. પરંતુ તે આગ્રહ કરવા લાગ્યો અને કહ્યું કે 'એનો અર્થ તો એ થયો કે આપ મને ખરાબ વ્યક્તિ ગણો છો.' આ સંજોગોમાં આપને ખાત્રી થઈ ગઈ કે હવે વધુ ઈન્કાર શક્ય નથી અને કત્લ તો નિશ્ચિત જ છે. અને હવે ઈન્કાર કરીશ તો સમ્રાટ (મામૂન) મારા ઉપર ગુસ્સે અને નારાજ થઈ જશે ત્યારે અન્ય કોઈ વિકલ્પ ન હોવાથી આપે દ્રાક્ષના થોડાક ફળ લીધાં અને ખાઈ ગયાં અને ત્યાંથી જવા માટે ઉભા થઈ ગયાં. મામૂને પૂછ્યું 'આપ ક્યાં પધારી રહ્યાં છો ?' ત્યારે આપે ફરમાવ્યું 'જ્યાં તું મોકલવા ઈચ્છે છે ત્યાં જ જઈ રહ્યો છું.'



આમ કહીને પોતાના નિવાસસ્થાને પરત આવી ગયાં. અબૂ-અલ-સલત પરિસ્થિતિ જોઈને સમજી ગયાં કે ઈમામ અ.સ.નો અંતિમ સમય આવી ગયો છે. તેથી જઈને બારણાં આગળ બેસી ગયાં. થોડીકવાર અંદરથી કાંઈ ચાલવાનો અવાજ સંભળાયો. તેમણે અંદર જોયું તો ઈમામ અ.સ.ની પડખે એક નાનો બાળક બીરાજમાન છે. અબૂ-અલ-સલતએ પૂછ્યું 'આપ ક્યાંથી આવ્યાં ? બારણું તો બંધ છે ? અને આપ કોણ છો ?' તે બાળકે ફરમાવ્યું 'હું આમનો સુપુત્ર છું મને ખુદાએ મદીનાથી અહિયાં સુધી પહોંચાડ્યો છે અને તેણે જ મને અંદર પણ પહોંચાડ્યો છે. અમારા માટે અંતર અને દીવાલ બાધા બની શકતાં નથી. અમો અહલેબૈતમાંથી (ઈમામોમાંથી) જ્યારે કોઈનો અંતિમ સમય આવી પહોંચે છે ત્યારે તેનો ઉત્તરાધિકારી તેની પાસે જ રહે છે અને તેની પાસેથી તમામ થાપણો પોતાના કબ્જામાં લઈ લે છે.'

થોડીવાર પછી જ્યારે આપ અ.સ.નું અવસાન થઈ ગયું તો નવમા ઈમામ અ.સ. એ જ પોતાના પિતાને ગુસલ અને કફન આપીને નમાઝ અદા કરીને જનાઝો તૈયાર કરી દીધો. એ તે પછી કહ્યું કે હવે (ઈમામ રિઝા અ.સ.ની શહાદતની) જાહેરાત કરી દો. તેથી તેની જાહેરાત કરી દેવામાં આવી. સમ્રાટે (મામૂનએ) પોતાના અત્યાચારો ઉપર ઢાંકપિછોડો કરવા માટે સરકારી શોકની ઘોષણાં કરી અને બીજી વખત ગુસ્લ-કફન પછી ખુબ જ આદરપૂર્વક આપને હારૂન નામના અબ્બાસી ખલીફા (જે મામૂનનો બાપ હતો) ની કબરના માથાના ભાગે (સિરહાને) દફન કરવામાં આવ્યાં.



આપની પવિત્ર કબર ઈરાનના પ્રખ્યાત શહેર 'મશ્હદે મુકદ્દસ' માં છે. જેની ઉપર એક ભવ્યાતિત ભવ્ય રોજો બંધાએલો છે અને હજારો નહીં પણ લાખો યાત્રાળુઓ યાત્રા (ઝિયારત) કરવા જાય છે.

# ઝુલકાઅદ માસની તારીખવાર ઘટનાઓ

આદરણીય વાચકો !

આવો આપણે આ માસની તારીખવાર ઘટનાઓને સંક્ષિપ્તમાં જોઈએ

**૧-ઝુલકાઅદ :** (૧) સને ૧૭૩ હિજરીમાં આજના દિવસે સાતમાં ઈમામ અ.સ.ને ત્યાં એક પુત્રીનો જન્મ થયો હતો. જે ''માઅસૂમે કુમ'' ના નામે પ્રખ્યાત છે. આપને 'ફાતેમાં કુબરા' પણ કહેવામાં આવે છે.

(૨) સને ૭૦ હિજરીમાં આજના દિવસે જ અશઅરા-બિન-કૈસ નામનો મલઉન જહન્નમમાં ગયો હતો. એના વિશે આપણાં છઠ્ઠા ઈમામ અ.સ. ફરમાવે છે કે આ વ્યક્તિ ઈમામ અલી અ.સ.ને કત્લ કરવામાં શામેલ હતો. તેની દીકરી 'જઅદા' એ ઈમામ હસન અ.સ.ને ઝેર આપ્યું હતું અને તેનો 'મુહમ્મદ' નામનો પુત્ર કરબલામાં ઈમામ હુસૈન અ.સ.ના કત્લમાં સામેલ હતો.

**૯-ઝુલકાઅદ :** જનાબ મુસ્લિમ અ.સ.એ આજના દિવસે કૂફાથી ઈમામ હુસૈન અ.સ.ને પત્ર લખ્યો હતો અને કૂફા આવવા આમંત્રણ આપ્યું હતું કેમકે ત્યારે ઈમામ હુસૈન અ.સ.ના નામે ૧૮ હજાર લોકોએ 'બયઅત' (પોતાની વફાદારીના સોગંદ) કરી લીધી હતી.

**૧૧-ઝુલકાઅદ :** સને ૧૪૮ હિજરીમાં આજના દિવસે ઈમામ રિઝા અ.સ.ની વિલાદત થઈ હતી.

**૨૩-ઝુલકાઅદ :** એક મંતવ્ય પ્રમાણે સને ૨૦૩ હિજરીમાં આજના દિવસે ઈમામ રિઝા અ.સ.ની શહાદત થઈ હતી.

**૨૬-ઝુલકાઅદ :** સને ૧૦ હિજરીમાં આજના દિવસે આપણાં વહાલા નબી સ.અ.વ. પોતાના સાથીઓ (અસહાબ) સાથે અંતિમ હજ અને ગદીરની ઘોષણાં માટે મદીનાથી રવાના થયાં હતાં.

★ ઝુલકાઅદ માસના અંતિમ દિવસે સને ૨૨૦ હિજરીમાં આપણાં નવમા ઈમામ હઝરત જવાદ અ.સ.ને 'મોઅતસિમ' નામના ખલીફાએ ઝેર આપીને શહીદ કરાવ્યાં હતાં.

★ આ માસના અંતિમ દિવસે સને ૮ હિજરીમાં 'હુદૈબિયાહ' નામના સ્થાને પયગમ્બરે ઈસ્લામ સ.અ.વ. એ કાફરો સાથે સંધિ કરી હતી અને તે કારણે જ તે સંધિને 'હુદૈબિયાની સંધિ' (સુલ્હે હુદૈબિયા) કહેવામાં આવે છે.



E-mail : hadimasik@yahoo.com

# વ્હાલા ભૂલકા રોઝદારો



લુબાબા રીઝવી, વટવા.
ઉં.૩ વર્ષ (પહેલો રોઝો)



વજીહા ઝહેરા, વટવા.
ઉં.૩ વર્ષ (પહેલો રોઝો)



ગીલમાન રઝા, વટવા.
ઉં.૩ વર્ષ (પહેલો રોઝો)



આબાન રઝા
ઉં.૪ વર્ષ (પહેલો રોઝો)



મોહંમદ નકી, વટવા.
ઉં.૭ વર્ષ (પહેલો રોઝો)



ઝયનબ ફાતેમા મરચન્ટ,
મહુવા. ઉં.૬ વર્ષ (૭ રોઝા)



ફૌઝીયા ઝૈદી
(ઉં. ૪ વર્ષ) (પહેલો રોઝો)



શહેરબાનુ એ. રીઝવી,
ઉં.૮ વર્ષ (૧૫ રોઝા)



મહેંદી રઝા, સિહોર.
ઉં.૭ વર્ષ (પહેલો રોઝો)

## માઅસૂમીન અ.સ.ના વિશેષણવાચક નામો (ઈલ્કાબ)

*વહાલા બાળકો !*

*શું તમે જાણો છો કે આપણા માઅસૂમીન અ.સ.ને તેમના અસલી નામો ઉપરાંત કેટલાંક અન્ય નામો-કે જે તેમના વિશેષણો દર્શાવે છે - તેનાથી પણ સંબોધવામાં આવે છે. આ નામોને આપના ઈલ્કાબ કહેવામાં આવે છે. અમે આપને આપણાં માઅસૂમીન અ.સ.ના કેટલાંક ઈલ્કાબ (વિશેષણવાચક નામો) જણાવીએ છીએ.*

(૧) આપણા વહાલા નબીનું નામ મુહમ્મદ સ.અ.વ. અને અહમદ સ.અ.વ. હતું. આપને હામિદ - મેહમૂદ - બશીર - નઝીર - તાહા - યાસીન - મુઝમ્મિલ - મુદસ્સિર - હબીબ - મુસ્તફા - અમીન - સાદિક - ઉમ્મી - અલહાદી -શફીઅ - હાશિર - આકિબ - અને શહીદ એવા વિશેષણવાચક નામોથી સંબોધવામાં આવે છે.

(૨) આપણાં મૌલા અલી અ.સ.ને અમીરૂલ મોઅમેનીન - મુર્તઝા - હૈદર - કર્રાર - અબુલહસન - અબૂતુરાબ - વલી - વસી - મૌલા - અસ્દુલ્લાહ - યદુલ્લાહ - સદ્દીક - ફારૂક - અસ્સાકી - ઈલ્યા - અસ્સફી - હુજ્જતુલ્લાહ - નફસુલ્લાહ - મઝહરલ અજાએબે - વલ - ગરાઈબ - કસીમુન્નારે - વલ - જન્નાહ - વિગેરે વિશેષણવાચક નામોથી પણ યાદ કરવામાં આવે છે.

(૩) શહઝાદી ફાતેમા સલા. - બિન્તે મુસ્તફાને ઝહરા - અઝરા - બતૂલ - માઅસૂમા - શફીઆ - રાઝિયા - મરઝિયા - મોહદ્દિસા - હવરા - સૈયદા - ઉમ્મુલ હસન - તાહેરા - મુત્તહરા - ઝકીયા - ઉમ્મે અબીહા વિગેરે વિશેષણવાચક નામોથી યાદ કરવામાં આવે છે.

(૪) હઝરત ઈમામ હસન અ.સ.ને શબ્બર - મુજતબા - તકી - ઝકી - વલી - નકી - અસ્સય્યિદ - અસ્સિબત - અબૂમુહમ્મદ - નાસેહ - અને અમીન વિગેરે વિશેષણવાચક નામોથી યાદ કરવામાં આવે છે.






(૫) ઈમામ હુસૈન અ.સ.ને મુબશ્શર - શહીદ - મઝલૂમ - અબૂઅબ્દુલ્લાહ - તૈયિબ - સિબ્ત - રશીદ - વફા - મુબારક - સય્યદુશ્શોહદા - શહીદે આઅઝમ- નફ્સે મુતમઈન્ના વગેરે વિશેષણવાચક નામોથી યાદ કરવામાં આવે છે.

(૬) ઈમામ સજ્જાદ અ.સ.નું અસલી નામ અલી અ.સ. - ઈબ્નલ - હુસૈન અ.સ. છે. આપને સજ્જાદ - ઝયનુલ આબેદીન - સય્યદુસ્સાબેરીન - આબિદ અબૂમુહમ્મદ - સય્યદુલ આબેદીન - સય્યદુસ્સાજેદીન - ખાશેઅ - ઝુસ્સફનાત વિગેરે વિશેષણવાચક નામોથી યાદ કરવામાં આવે છે.

(૭) ઈમામ બાકિર અ.સ.નું અસલી નામ મુહમ્મદ - બિન - અલી અ.સ છે. આપને બાકિર - શાકિર - હાદી - અબૂ જાઅફર - વિગેરે વિશેષણવાચક નામોથી સંબોધવામાં આવે છે.

(૮) છઠ્ઠા ઈમામનું અસલી નામ જાઅફર - બિન - મુહમ્મદ અ.સ. છે. આપને સાદિકે આલે મુહમ્મદ - સાબિર - ફાઝિલ - વિગેરે વિશેષણવાચક નામોથી પણ યાદ કરવામાં આવે છે.

(૯) સાતમા ઈમામનું અસલી નામ મુસા - બિન - જાઅફર અ.સ. છે. આપને કાઝિમ- સાલેહ - અમીન - સાબિર - અબૂલ હસન વિગેરે વિશેષણવાચક નામોથી યાદ કરવામાં આવે છે.

(૧૦) આઠમા ઈમામનું અસલી નામ અલી - ઈબ્ને - મૂસા અ.સ. છે. આપને રિઝા - સાબિર - ઝકી - વલી - અબુલ હસન વિગેરે વિશેષણવાચક નામોથી પણ યાદ કરવામાં આવે છે.

(૧૧) નવમા ઈમામનું અસલી નામ મુહમ્મદ - ઈબ્ને - અલી અ.સ. છે. આપને નકી - જવાદ - કાનેઅ - આલિમ- મુર્તઝા - અબૂજાઅફર વિગેરે વિશેષણવાચક નામોથી યાદ કરવામાં આવે છે.

(૧૨) દસમા ઈમામનું અસલી નામ અલી - ઈબ્ને - મુહમ્મદ અ.સ. છે. આપને નકી - હાદી - અબૂલહસન - નાસેહ - ફકીહ - અમીન - તૈયબ પણ કહેવામાં આવે છે.

(૧૩) અગ્યારમા ઈમામનું અસલી નામ હસન - ઈબ્ને અલી છે. આપને અસ્કરી અબૂમુહમ્મદ - ખાલિસ - સિરાજ વિગેરે પણ કહેવામાં આવે છે.

(૧૪) બારમા ઈમામનું અસલી નામ મુહમ્મદ - ઈબ્ને - હસને અસ્કરી છે. આપને અબુલ કાસિમ- અલહુજ્જત - મહદી - કાઈમ- મુન્તઝર - સાહેબુઝ્ઝમાન - અલખલફ - અસ્સાલેહ - સાહિબે અમ્ર - સાહિબે અસ્ર વિગેરે પણ કહેવામાં આવે છે.



# અમારા પ્રશ્નો - તમારા જવાબો

પ્રશ્ન-૧ : અસ્ર અને ખુસ્રનો અર્થ

(અ) નિચોવવું, ઝમાનો, નુકશાન (બ) ઉપાડવું, મૂકવું, કયામત

(ક) દુનિયા, આખેરત, ઝમાનો (ડ) નિચોવવું, માલ ઓછો હોવો, કયામત

પ્રશ્ન-૨ : જે શખ્સ દરરોજ ૪૧ વખત "યા અઝીઝો" પઢે તે કોઈનો મોહતાજ નહીં થાય - આ કોલ કયા માસુમનો છે ?

(અ) રસુલે ઈસ્લામ (સ.અ.વ.) (બ) ઈમામે હસને અસ્કરી (અ.સ.)

(ક) હ. રિઝા (અ.સ.) (ડ) હ. હસન (અ.સ.)

પ્રશ્ન-૩ : ઈમામે રિઝા અ.સ.ની શહાદતની તારીખ અને હિ.સન. ?

(અ) ૧૧ ઝુલકાઅદ - હિ. ૨૦૩ (બ) ૨૩ ઝુલકાઅદ - હિ. ૨૦૩

(ક) ૨૦ ઝુલકાઅદ - હિ. ૨૦૩ (ડ) ૧૧ ઝુલકાઅદ - હિ. ૧૦૩

પ્રશ્ન-૪ : જનાબે મુસ્લિમે ઈમામ હુસૈનને કઈ તારીખે પત્ર લખ્યો ?

(અ) ૧ ઝુલકાઅદ (બ) ૨ જીલહજ્જ (ક) ૯ ઝુલકાઅદ (ડ) ૮ જીલહજ્જ

પ્રશ્ન-૫ : રસુલે ઈસ્લામ તેમની આખરી હજ માટે કઈ તારીખે રવાના થયા ?

(અ) ૨૬ ઝુલકાઅદ (બ) ૨૦ ઝુલકાઅદ (ક) ૫ જીલહજ્જ (ડ) ૧૦ જીલહજ્જ

પ્રશ્ન-૬ : ઈમામે રિઝા અ.સ.ની વિલાદતની તારીખ અને હિ. સન. ?

(અ) ૨૩ ઝુલકાઅદ હિ. ૧૪૮ (બ) ૧૧ ઝુલકાઅદ હિ. ૧૪૮

(ક) ૧ ઝુલકાઅદ હિ. ૧૪૮ (ડ) ૧૧ સફર, હિ. ૧૪૮

પ્રશ્ન-૭ : ઈમામે રિઝા અ.સ.ની બહેનનો રોજો ઈરાનના કયા શહેરમાં છે ?

(અ) તહેરાન (બ) મશહદ (ક) અસ્ફહાન (ડ) કુમ

પ્રશ્ન-૮ : જમતી વખતે કોઈના પણ માન માટે ઉભા ન થવું જોઈએ કારણ કે ખુદાના રિઝ્કનો એહતેરામ વધુ જરૂરી છે. - આ કયા માસુમનો કોલ છે ?

(અ) હ. અલી (અ.સ.) (બ) હ. રિઝા (અ.સ.)

(ક) હ. હુસૈન (અ.સ.) (ડ) હ. અલીનકી (અ.સ.)



E-mail : hadimasik@yahoo.com



# બાળકોની ડાયરી



વહાલા બાળકો,
આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**




હમીરાણી અકીલ અબ્બાસ હુસેનઅલી.,
રાજુલા.




સૈયદ વસીમ રઝા આબીદહુસૈન રીઝવી.,
હુસૈનાબાદ-૩, વટવા, અમદાવાદ.



શબીરઅલી મહેબુબઅલી બદામી.,
રાજુલા.




મિઠવાણી હસનૈન રઝા,.
રાજુલા.

# ઉસૂલે દીન

## ખુદાને ઓળખવાના માર્ગો

આપણે મનુષ્યો ખુદાએ સર્જેલ વસ્તુઓને પણ સંપૂર્ણપણે ઓળખતા નથી તેથી સ્વભાવિક રીતે એક જ નિર્ણય પર આવી શકાય કે આ સમગ્ર સૃષ્ટિનું સર્જન કરનારને સંપૂર્ણપણે ઓળખવું તે આપણાં માટે શક્ય જ નથી.

તારાઓ વિષેની એવી તો ઘણી બાબતો છે જેના વિષે વરસો સુધી શોધખોળ કર્યા પછી પણ આપણે સંપૂર્ણ જાણકારી મેળવી શક્યાં નથી અને તે અંગેના અનેક પ્રશ્નો હજી સુધી અનુત્તર જ છે.

પૃથ્વી વિષે સંશોધન કરનારા વરસોથી પૃથ્વી વિશે અભ્યાસ કરી રહ્યાં છે તેમ છતાં અત્યાર સુધી પૃથ્વીના એક નાનકડા ટુકડા વિશે પણ પૂરેપૂરી જાણકારી મેળવી શક્યાં નથી.

આપણે અત્યાર સુધી આપણાં પોતાના જ શરીર અને આત્માને પૂરેપૂરી રીતે જાણી શક્યા નથી. વિદ્વાનોએ મનુષ્યના શરીરની બાબતમાં સેંકડો પુસ્તકો લખ્યાં છે પરંતુ હૃદય અને મગજના અનેક રહસ્યો આજે પણ આપણે જાણી શક્યાં નથી.

આ પરિસ્થિતિમાં આપણું નાનકડું મગજ જેની સીમા જ નથી તેવા મહાન ખુદાને સંપૂર્ણપણે કેવી રીતે ઓળખી શકે !!!

હા, પરંતુ ખુદાની ઓળખ અને તેની જાણકારીના માર્ગો આપણાં માટે કદીયે બંધ થઈ ગયાં નથી. હકીકતમાં તો ખુદાને યોગ્ય રીતે ઓળખવા માટે ખુદ અલ્લાહ એ જ આપણી વચ્ચે ઘણાં પયગમ્બરો અ.સ. અને આપણાં માઅસૂમ ઈમામ અ.સ. મોકલ્યાં છે જેમણે ખુદાને ઓળખવા માટે આપણને ઘણાં માર્ગો દેખાડ્યાં છે.

★ ખુદાને ઓળખવાનો એક માર્ગ - કુરઆનનો અભ્યાસ (અભ્યાસ-અર્થ સમજ્યા વગર ખાલી વાંચવું નહીં) અને તેના ગુઢાર્થો અંગે ચિંતન કરવાનો છે. કુરઆને આપણને ખુદાની ઘણી સારી રીતે ઓળખ આપી છે. કુરઆને આપણને જણાવ્યું છે કે આપણો ખુદા (આ જગત-આ સૃષ્ટિનો એકમાત્ર ખુદા) દયાળુ - સૌથી વધુ મોટો વિદ્વાન - શક્તિશાળી - ક્ષમા આપનાર - જે કોઈનો મોહતાજ નથી તેવો - ધૈર્ય રાખનાર - તૌબા સ્વીકારનાર - સંપૂર્ણ પ્રભુત્વ ધરાવનાર - મહાન - હંમેશાં જાગૃત રહેનાર - હંમેશા જિવીત રહેનાર - અનાદીકાળથી જેનું અસ્તિત્વ છે તેવો-સાંભળનાર અને સ્વયં સંપૂર્ણ છે. કુરઆનની દૃષ્ટિએ ફક્ત ખુદાનું સ્મરણ સાંત્વના આપે છે. ફક્ત તે જ મનુષ્યનો સાચો અને પાકો મિત્ર છે.



E-mail : hadimasik@yahoo.com

★ કુરઆનમાં જે પ્રસંગો વર્ણવવામાં આવ્યાં છે તે પ્રસંગો પણ આપણને ખુદાનો પરિચય કરાવે છે. આપણે જનાબ આદમ અ.સ.ની ખુદાએ તૌબા સ્વીકારી હતી તે પ્રસંગમાંથી ખુદાની કૃપાનો પરિચય મેળવીએ છીએ. હઝરત નૂહ અ.સ.ના સમયના ભયંકર તોફાન અને તે તોફાનમાં ખુદાએ નૂહ અ.સ.ના વહાણનું રક્ષણ કર્યું હતું તેનું વર્ણન અલ્લાહની (પોતાના નેક બંદાઓ) રક્ષણ કરવાની શક્તિને જાહેર કરે છે. હઝરત મૂસા અ.સ.ના વૃત્તાંતમાંથી આપણને ખુદાની ભવ્યતા - અને તેની દયા - કૃપાના અસંખ્ય ઝરણાંઓ દૃષ્ટિગોચર થાય છે. હઝરત યુસુફ અ.સ.ના પ્રસંગોમાંથી આપણને ખુદાની કુદરત, તેનું સર્વશક્તિશાળીપણું અને પોતાના મોમિન બંદાઓને સહાયતા કરવાની અલ્લાહની કૃપાના ઘણાં દૃષ્ટાંતો જોવા મળે છે. ટૂંકમાં એમ કહી શકાય કે આપણે (જો મનન કરીએ તો) કુરઆનના પાને-પાને અને દરેક વાક્યમાં ખુદાના વિશેષણો જોઈ શકીએ છીએ. બસ જો કોઈ વાતની જરૂર છે તો તે એ છે કે આપણે કુરઆનને ધ્યાનપૂર્વક - સમજીને - વાંચીએ અને તેના ઉલ્લેખો અંગે મનન કરીને અલ્લાહનો પરિચય મેળવીએ.

★ ખુદાનો પરિચય મેળવવાનો એક અન્ય માર્ગ આ સૃષ્ટિની દરેક વસ્તુ અંગે ઉંડાણપૂર્વક ચિંતન કરવાનો છે. આ સૃષ્ટિના અસંખ્ય સર્જનો વચ્ચેનો તાલમેલ, જગતની વસ્તુઓની અજાયબીઓ અંગે ઉંડાણપૂર્વકનું ચિંતન અને મનન આપણને એક એવા ખુદાનો પરિચય કરાવે છે જેનું સામર્થ્ય સૌથી મહાન છે. જેની જાણકારી સૌથી વધારે છે. - જેની દયા-કૃપાનો તો કોઈ જવાબ જ નથી અને જેની દયાકૃપા ગુપ્ત નથી - કુરઆનમાં પોતે જ સૃષ્ટિના સર્જનો જોઈને તે અંગે ચિંતન અને મનન કરવા અંગે આજ્ઞા આપવામાં આવી છે કે 'શું ઊંટ નથી જોયું કે તેને કેવી રીતે જન્મ આપવામાં આવ્યો છે ?' શું તમે આકાશની દિશામાં નથી જોતાં કે તેને (કોઈપણ આધાર વગર) કેવી રીતે બનાવવામાં આવ્યું છે ? શું તમે પર્વતો ને નથી જોતા કે તેમને કેવી રીતે ઉભા કરવામાં આવ્યાં છે ? તમે પૃથ્વીને નથી જોતાં કે તેને કેવી રીતે ફેલાવવામાં આવી છે અને સપાટ (પણ) બનાવવામાં આવી છે ? (સૂરએ - ગાશિયા - આયત ૧૪ થી ૨૦)

★ ખુદાને ઓળખવા અને તેને સમજવાનો એક અન્ય માર્ગ તેની સાથે વાર્તાલાપ કરવાનો છે. આ તેની ઈબાદત અને તેની મિત્રતા કરવાથી શક્ય બની શકે. મનુષ્ય જેટલી વધારે માત્રામાં ખુદા સાથે વાર્તાલાપ કરશે. એટલે કે સંપૂર્ણ મન પરોવીને તેની ઈબાદત કરશે. તેની પાસે યાચનાઓ કરશે (દુઆ માંગશે), વધારે નમાઝો પઢશે - વધારે કુરઆન (સમજીને) પઢતો રહેશે. તો છેવટે આપણાં મનમાં તેની યાદ ખુબ જ વધારે થઈ જશે. અને જ્યારે તેની યાદ આપણાં મનમાં જાગૃત થઈ જશે ત્યારે પોતાની મેળે આપણને એ બાબતની પ્રતિતી થઈ જશે કે આપણો ખુદા આપણી જીવાદોરીની નસથી પણ વધારે આપણી સમીપ છે.



# પત્રાવલી

**વહાલા બાળકો,**

**આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે જરૂર મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



સલામુન અલયકુમ

રમઝાન માસના 'અમારા પ્રશ્નો' 'તમારા જવાબ' ના જવાબ

નીચે મુજબ છે:-

પ્રશ્ન-૧ કયા માસને અલ્લાહનો મહીનો કહેવામા આવે છે.
→ રમઝાન મહીનો

પ્રશ્ન-૨ મામુને દેખાવ પુરતા ઈમામ રિઝા (અ.સ.) ને પોતાના વલીઅહદ કયા માસની કઈ તારીખે બનાવ્યા હતા.
→ 1 રમઝાનુલમુબારક

પ્રશ્ન-૩ ઈમામ રેઝા અ.સ.ના નામનો ઈસ્લામી સીક્કો કઈ તારીખે બહાર પાડવામાં આવ્યો હતો.
→ 201 હી.સ.મા

પ્રશ્ન-૪ જ. ખદીજતુલ કુબ્રાની વફાત કયા માસમા થઈ હતી.
જ. → રમઝાનુલ મુબારક

પ્રશ્ન-૫ રમઝાનુલ મુબારકમા કયા ઈમામની વિલાદત થઈ હતી.
→ બન્ને છ મામા. (બીજા ઈમામ ઈ. હસન અ.સ.)

પ્રશ્ન-૬ ઈ. અલી અ.સ.ની શહાદત કયા માસની કઈ તારીખે થઈ હતી.
→ 21 રમઝાનુલ મુબારક

પ્રશ્ન-૭ ઈ. અલી અ.સ.ને કતલ કરનાર કોણ હતો.
→ ઈબ્ને મુલ્જીમ

પ્રશ્ન-૮ કુરઆન મજીદ રમઝાનુલ મુબારકની કઈ રાતે નાઝીલ થયો હતો.
→ શબેકદ્ર

પ્રશ્ન-૯ ઈ. હસન અ.સ.ની વિલાદત કઈ સન હીજરીમાં થઈ હતી.
→ સન 3 હીજરી

પ્રશ્ન-૧૦ નબીએ અકરમ (સ.અ.વ.) એ અલ્લાહ સાથે વાતચીતનો માધ્યમ કોને દર્શાવ્યો છે.?
→ કુરઆનના તિલાવત

નામ:- શેખ સલમાન હૈદર ઈકબાલ હુસૈન
બુખારી મોહલ્લા- કોડીનાર
ઉંમર- 14 વર્ષ ધો. ૯

**શેખ સલમાન હૈદર ઈકબાલ હુસૈન.,** બુખારી મોહલ્લા, કોડીનાર.



Date: 15 - 9 - 09
Page:

સલામુન
અલયકુમ

સલામ બાદ જણાવવાનું કે આપનું હાદી માસીક મને ખુબજ ગમે છે. અને મને વાંચવાની મજા પડે છે. તેમજ હાદી માસીક મને અનેક રીતે ઉપયોગી બન્યા છે.

[illegible]

એટલું જ નહી પરંતુ જરૂર વાંચવાથી કેટલા ફાયદા થાય છે તે પણ બતાવે છે, હાદી માસીક મા આપના સવાલ જવાબ, કીસ્સાઓ, કુરઆનની વાતો, દુઆ, ઈમામોના કીસ્સા, હદીસોના ગુલદસ્તા વગેરે અમને ખુબજ ગમે છે.

નામ: ભોજાણી મો. હાદી ગુલામ અબ્બાસ
ઉંમર: ૯
સરનામું: દીલબહાર બાગ સોસાયટી. ભાવનગર

Flowers

806

**ભોજાણી મો. હાદી ગુલામ અબ્બાસ.,** ભાવનગર.



"સલામુન અલયકુમ"

સલામ બાદ જણાવવાનુ કે અમોને આ હાદી માસીક ખુબ જ ગમ્યુ. હાદી માસીક માં કુરઆન ની વાતો માં કહવુ છુ કે નમે નેકી કરો. બેશક અલ્લાહ નેકી કરનારા ઓને દોસ્ત રાખે છે. મે હાદી માસીક માં ઘણુ બધુ મઝહબ ના બારા માં શીખ્યુ. હાદી માસીક માં આ પણ આપેલ છે કે મિત્ર કેવા બનાવવા અને કેવા ન બનાવવા. આ હાદી માસીક માં ઈમામની વિલાદત તારીખ શહાદત તારીખ અને સવાલ જવાબ જોઈ છુ.

" ઈલ્મ મેળવો, ભલે પછી તે માટે ચીન સુધી (દુર) જવુ પડે. હ. રસુલે ખુદા (સ.અ.વ.)

નકવી અનવર અબ્બાસ એ.
મહુવા.

**નકવી અનવર અબ્બાસ એ.,** મહુવા.



અસ્સલામુન અલયકુમ,
મેરા નામ ઉરૂજ હૈ મેને હાદી પઢી મુજે હાદી બહોત બહોત પસંદ આઈ ...
... યાવલ સે દુઆ ... બનતી હૈ
હાદી જેસી બુક પઢને સે તકદીર બનતી હૈ

— બુખારી ઉરૂજ ફાતેમા મોહંમદ નકી

**બુખારી ઉરૂજ ફાતેમા મોહંમદ નકી**



હસનૈન રઝા મિઠવાણી
ધોરણ = ૯
14 વર્ષ
રાજુલા સીટી

સ.૧ ઈમામે હુસૈન (અ.સ) ની વિલાદતની તારીખ કઈ છે ?
જ.૧ 3 શાબાન

સ.૨ કિતાબુલમો ખાંબો અને પીંછા કયા ઈમામ (અ.સ) પાસેથી મળ્યાં હતાં ?
જ.૨ ઈમામ હુસૈન (અ.સ)

સ.3 હઝરત અબ્બાસ (અ.સ) ની વિલાદતની તારીખ કઈ છે ?
જ.3 4 શાબાન

સ.4 મૌલા અબ્બાસ (અ.સ) ની વાલિદાનું નામ શું છે ?
જ.4 ઉમ્મુલ બનીન

સ.5 ઈમામ મહદી (અજ.) ની વિલાદત કઈ તારીખે થઈ હતી ?
જ.5 15 શાબાન

સ.6 ઈમામ મહદી (અજ.) ના કેટલા ખાસ નાયબો હતાં ?
જ.6 4 નાયબો

સ.7 હઝરત અલી અકબર (અ.સ) ની વિલાદત કયા માસમાં થઈ હતી ?
જ.7 શાબાન

સ.8 શાબાન માસમાં કેટલા ઈમામોની વિલાદત થઈ છે ?
જ.8 ૨ ઈમામોની

110
786 92

**મિઠવાણી હસનૈન રઝા.,** રાજુલા.



E-mail : hadimasik@yahoo.com

# સાચા જવાબો

**વહાલા બાળકો !**

**ગયા અંકના પ્રશ્નોના સાચા જવાબો આ પ્રમાણે છે. તમે તમારા જવાબો આનાથી મેળવી લો.**

પ્રશ્ન-૧ : ઈમામ જાફરે સાદિક (અ.સ.)ની શહાદતની તારીખ :

(અ) ૧૫- શવ્વાલ

પ્રશ્ન-૨ : સાતમા ઈમામ (અ.સ.)ની માતાનું નામ :

(ક) હમીદા

પ્રશ્ન-3 : આ શબ્દો કોના છે ?
" યુધ્ધ ન કરશો નહીં તો તમારી આબરૂ અને ઈજ્જત ખત્મ થઈ જશે "

(અ) હ. અલી (અ.સ.)

પ્રશ્ન-૪ : ઈમામ સાદિક (અ.સ.)ની પ્રથમ ઈસ્લામી યુનિવર્સિટી ક્યાં હતી ?

(અ) મસ્જિદમાં

પ્રશ્ન-૫ : હઝરત અલી (અ.સ.) માટે અસ્ત થયેલો સૂર્ય કેટલી વખત પાછો આવ્યો હતો ?

(અ) ૭

પ્રશ્ન-૬ : સર્વશ્રેષ્ઠ ઈલાજ શું છે ?

(બ) હાનીકારક વસ્તુઓથી બચીને રહેવું

પ્રશ્ન-૭ : ઝુલ્ફિકાર કયા સન હિજરીમાં ઉતરી (નાઝિલ થઈ) હતી ?

(બ) ૩ સને હિજરી

પ્રશ્ન-૮ : ઝુલ્ફિકાર કયા યુધ્ધમાં આવી હતી ?

(ડ) ઓહદના યુધ્ધમાં

પ્રશ્ન-૯ : હુનૈનનું યુધ્ધ (જંગે હુનૈન) કઈ તારીખે થયું હતું ?

(અ) ૪ શવ્વાલ

પ્રશ્ન-૧૦: ૮ શવ્વાલની મહત્વપૂર્ણ ઘટના કઈ છે ?

(બ) જન્નતુલ બકીઅને ઉજાડી દેવામાં આવ્યો.


## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | મોહસીનભાઈ જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | (૧) કમરઅલીભાઈ મોમીન (૨) મૌલાના આલીમઅલી |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સીહોર | : | મૌલાના દિલબર હુસૈન ફોન : ૯૯૦૯૪૭૧૪૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પરમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**


HADI MASIK
: Publishers : Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)
Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612
E-mail : hadimasik@yahoo.com
Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474